ગુજરાત સમાચાર, પાના નંબર - 03
તારીખ :- 06/06/2026.

# કોર્પોરેશન દ્વારા પીડીઈયુ મેટ્રો સ્ટેશન ખાતે વિશ્વ પર્યાવરણ દિને વૃક્ષારોપણ

ગાંધીનગર, શુક્રવાર

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના ગ્રીન કવરમાં વધારો કરવાના ઉદ્દેશ્યથી પીડીઈયુ મેટ્રો સ્ટેશન ખાતે એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મીરાબેન પટેલ અને મ્યુનિસિપલ કમિશનર જે. એસ. પ્રજાપતિની સાથે પર્યાવરણના જતનની આ મુહિમમાં મહાનગરપાલિકાના કાઉન્સિલર સ્થાનિક આગેવાનો તેમજ શહેરના જાગૃત રહીશો પણ ઉત્સાહભેર જોડાયા હતા. પર્યાવરણ જતન અને વૃક્ષારોપણના આ વિશેષ અભિયાન અંતર્ગત પીડીઈયુ મેટ્રો સ્ટેશન ખાતે ૧૫,૦૦૦ ચોરસ મીટર જેટલા વિશાળ વિસ્તારમાં પ્રતીકાત્મક રૂપે ૫૦૦ ફળાઉ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ સાથે, શહેરીજનોમાં વૃક્ષારોપણ પ્રત્યે પ્રોત્સાહન પૂરું પાડવા અને રોપા વિતરણની પ્રક્રિયાને સરળ બનાવવા માટે મહાનગરપાલિકા દ્વારા એક નવતર ડિજિટલ પહેલ પણ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે એક ખાસ ગૂગલ લિંક લોન્ચ કરવામાં આવી છે, જેના માધ્યમથી નગરજનો ઘરે બેઠા જ આસાનીથી નિઃશુલ્ક રોપા મેળવવા માટે પોતાની નોંધણી કરાવી શકશે.

